# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૨૨૬ તા. ૨૩-૦૫-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ધોવાણ શરૂ

રાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડના તીવ્ર ઉછાળાને કારણે અપેક્ષા મુજબ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પ્રથમ ધોવાણ શરૂ થઈ ગયું છે. એમ પણ બજેટ પછી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં મુંબઈના મોટા ખેલાડીઓ ધીરે ધીરે માલ વેચી રહ્યા હતા અને તેથી હવે ખૂબજ પસંદગીની ચીજોમાં જ શોર્ટટર્મ ઉછાળાની જગ્યા રહે છે અને તેથી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં કામ કરવા માટે વિશ્વાસપાત્ર ગાઈડન્સ જોઈએ.

**સન ટીવી**ના શેરમાં અત્યારે આકર્ષણ વધ્યું છે અને મધ્યમવર્ગની આવકો વધી હોવાથી ટીવી સિરિયલો અને સારા ટીવી પાછળના ખર્ચા વધ્યા છે. ભારતના અડધા વિસ્તારમાં સન ટીવીની જોરદાર પક્કડ છે અને તેને કારણે અત્યારના રૂ. ૯૫૨ના ભાવે આ શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂ. ૧૦૧૨નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.



**બાયોકોન**નો શેર છેલ્લાં ઘણાં અઠવાડિયાથી લેવડાવીએ છીએ અને બાયોકોન અત્યારે નબળા બજારમાં પણ રૂ. ૬૫૦ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૭૦૧નો ભાવ જોવાવાન ગણતરી છે પરંતુ રૂ. ૭૦૧ના ભાવે પણ આ શેરની તેજીને બ્રેક લાગશે તે સંભાવના નથી.

**દિવાન હાઉસિંગ**ના શેરમાં પણ જોરદાર આકર્ષણ છે. દિવાન હાઉસિંગ નવા અઠવાડિયે રૂ. ૧૨૦૦૦ કરોડના એનસીડી ઈશ્યૂ સાથે મૂડીબજારમાં આવી રહી છે અને ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન કુલ રૂ. ૫૦૦૦૦ કરોડનું ભંડોળ ઊભું કરવાની ગણતરી છે. એમ પણ કંપનીના સને ૨૦૧૭-૧૮ના આવકો અને નફાના આંકડા ખૂબજ જોરદાર આવ્યા છે અને ગયા વર્ષે ઉભા કરેલા ભંડોળનો હજી મોટો ફાયદો ચાલુ વર્ષ દરમિયાન દેખાશે અને તેવી જ રીતે ચાલુ વર્ષના ઉભા કરેલા ભંડોળનો ફાયદો પણ દેખાશે. અત્યારના રૂ. ૬૧૪ના ભાવે થોડાંક દિવાન હાઉસિંગ ફિનાન્સના શેર લઈને મૂકી દેવાય અને શોર્ટટર્મમાં જ આ શેરમાં રૂ. ૬૫૪-૬૬૪નો ભાવ

**બાયોકોનનો શેર છેલ્લાં ઘણાં અઠવાડિયાથી લેવડાવીએ છીએ**

મળી જવાની ગણતરી છે.

ક્રૂડના ભાવ વધતાં **ઓઈલ ઈન્ડિયા**ને પણ વધારે ઉંચો ભાવ મળશે તે દલીલ સાથે ખેલાડીઓ સક્રિય થયા છે. આ દલીલમાં વજૂદ કેટલું છે તે અલગ વાત છે પરંતુ તે પહેલાં રૂ. ૨૪૩માં મળી રહેલી ઓઈલ ઈન્ડિયાના શેરને ખેલાડીઓ રૂ. ૨૫૬-૨૬૦ સુધી ઉંચકી દે તે સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ હજી પણ એફએમસીજીના શેરોમાં જળવાઈ રહ્યું છે અને તેમાં રૂ. ૩૭૫ના ભાવનો **ડાબર** આકર્ષક છે. આગામી દિવસોમાં ડાબરનો શેર રૂ. ૪૦૦નું લેવલ કૂદાવીને રૂ. ૪૧૦ ટચ કરી નાંખે તે સંભાવના ખૂબ મજબૂત છે.

એફએમસીજી જાયન્ટ **કોલગેટ**ના શેરમાં પણ ધીરે ધીરે ભાવ રૂ. ૧૨૨૨ ઉપર આવી ગયો છે. ચાણક્યમાં છેલ્લાં અઠવાડિયાથી સતત કોલગેટનો શેર લેવડાવીએ છીએ અને હવે ઉછાળાનો વેગ ઝડપી બનશે અને એક વખત રૂ. ૧૩૧૩નો ભાવ જોવા મળે તે સંભાવના ખૂબ મજબૂત છે. પરંતુ રૂ. ૧૨૨૨થી રૂ. ૧૩૧૩ વચ્ચેના ઉછાળામાં થોડું થોડું પ્રોફીટ બુકીંગ કરતા રહેવું સલાહભરેલ.

**બ્રિટાનિયા**ના શેરમાં પણ છેલ્લાં ઘણા અઠવાડિયાથી લેવડાવીએ છીએ અને બ્રિટાનિયા અત્યારે રૂ.૫૫૯૭ ઉપર આવી ગયો છે. બ્રિટાનિયામાં આ વખતે તેજી લાંબી ચાલે તેવી શક્યતા છે અને શોર્ટટર્મમાં તેમાં રૂ. ૫૬૯૭નો ભાવ જોવા મળે અને રૂ. ૧૦૦ની નોટ મળી જાય તે સંભાવના મજબૂત છે અને તે પછીના ઉછાળે આ શેરમાં રૂ. ૫૮૯૭ સુધી ભાવ જવાની ગણતરી છે.

ગ્રેફાઈટ ઈલેક્ટ્રોડ બનાવતી **ગ્રેફાઈટ ઈન્ડિયા**નો રૂ. ૭૯૩વાળો શેર પણ ધ્યાનમાં રખાય. બજેટ અગાઉ આ શેરે ખૂબ સુંદર રિટર્ન આપેલું. એક તરફ ચીને ગ્રેફાઈટ રોડ બનાવવાનું બંધ કર્યું છે. જ્યારે બીજી તરફ સ્ટીલ ઉદ્યોગ જોરદાર તેજીમાં હોવાથી ગ્રેફાઈટ રોડની માંગ વધી છે અને તે પાછળ રૂ. ૭૯૩થી ઉંચકાઈને ચારેક અઠવાડિયામાં રૂ. ૮૯૩નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

તેવી જ રીતે રૂ. ૩૪૨૧ના ભાવે મળતાં **એચઈજી**ના શેરમાં પણ આકર્ષણ જોરદાર છે અને આ શેરમાં પણ થોડાં દિવસોમાં રૂ. ૫૦૦ની નોટ મળી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

બીજી હરોળની સોફ્ટવેર કંપની **સાસ્કેન**ના શેરમાં રૂ. ૧૦૧૫ના ભાવે આકર્ષણ વધ્યું છે. આ ભાવે થોડાં સાસ્કેન લઈ શકાય અને તેમાં ઝડપી ઉછાળા સાથે રૂ. ૫૦ વધી જવાની ગણતરી છે.

**ઝેનસાર ટેકનોલોજી**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. ઝેનસાર અત્યારે રૂ. ૧૨૪૭ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ રૂ. ૧૦૦ની નોટ મળી જવાની સંભાવના મજબૂત. શોર્ટટર્મ ખેલાડીઓ ઝેનસારમાં રૂ. ૧૩૩૧થી રૂ. ૧૩૪૭નો ભાવ જોઈ રહ્યા છે અને તેથી તે શેરમાં નાનું રોકાણ કરી શકાય.

**એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ**નો શેર કવર કરવાનું છેલ્લાં થોડાં અંકથી દર્શાવીએ છીએ. બજારમાં વેચવાલી ઉભી થઈ હોવા છતાં એલએન્ડટી ફિનાન્સનો શેર રૂ. ૧૭૩ ઉપર જળવાઈ રહ્યો છે અને આગામી દિવસોમાં થોડો સમય નબળાઈ બતાવ્યા પછી આ શેરમાં ભાવ ઝડપથી ઉંચકાઈ જવાની સંભાવના મજબૂત છે.

**જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ**ના શેરમાં ગયા અઠવાડિયે થોડું કરેક્શન જોવાયું પરંતુ તે પછી શેર અત્યારે રૂ. ૨૪૯૮ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૨૫૫૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

**અશોક લેલેન્ડ** સહેજ વેચવાલી સાથે રૂ. ૧૪૮ ઉપર આવ્યો છે અને નવા અઠવાડિયામાં પણ થોડી વેચવાલી રહેવાની ગણતરી અને તે પછી આ શેરમાં ઝડપી ઉછાળો શરૂ થશે.

એકદમ શોર્ટટર્મ એંગલથી હવે **કર્ણાટક બેન્ક**ના શેરમાં આકર્ષણ વધ્યું છે. ગયા અઠવાડિયે નબળા પરિણામ પછી રૂ. ૧૧૮ ઉપર આવ્યો ત્યારે કર્ણાટક બેન્કના શેરમાં રોકાણ વધારતા જવાનું દર્શાવેલું અને સહેજ વધીને રૂ. ૧૨૦ ઉપર આવ્યો છે. આગામી દિવસોમાં આ શેરમાં એકદમ ધીમા સુધારા સાથે રૂ. ૧૮૦નો ભાવ ત્રણેક મહિનામાં આવે તો નવાઈ નહીં.

**આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ**ના શેરમાં આકર્ષણ વધ્યું છે. અત્યારે આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ રૂ. ૪૨૨ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે રૂ. ૪૪૨નો ભાવ આવવાની સંભાવના છે.

ગયા અઠવાડિયે **પિડીલાઈટ**ના શેરમાં કમાવાશે તેમ દર્શાવેલું. પિડિલાઈટ અત્યારે રૂ. ૧૦૮૧ ઉપર આવી ગયો છે અને આ શેરમાં રોકાણ જાળવી શકાય. ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે.

**ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ**નો




શેર અત્યારે રૂ. ૧૦૮૫ ઉપર છે અને આ શેરમાં શોર્ટટર્મ ખેલાડીઓની લેવાલી વધી છે. નજીકના દિવસોમાં જ આ શેરમાં રૂ. ૧૧૪૦નો ભાવ આવવાની સંભાવના ખૂબ મજબૂત છે.

**ઓરિએન્ટ રિફ્રેક્ટરી**નો શેર અત્યારે રૂ. ૧૮૦ ઉપર મળી રહ્યો છે. રિફ્રેક્ટરી મુખ્યત્વે સ્ટીલ ઉદ્યોગમાં વપરાય અને સ્ટીલ ઉદ્યોગ અને કંપનીઓ અત્યારે જોરદાર તેજીમાં હોવાથી રિફ્રેક્ટરીની માંગ પણ વધે તે ગણિત છે. રૂ. ૧૮૦વાળા આ શેરમાં શોર્ટટર્મમાં જ રૂ. ૨૦૦-૨૧૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

ખાંડ શેરોમાં હજી આકર્ષણ નથી. પરંતુ રૂ. ૧૫.૬૦ના ભાવના **ઉગર સુગર**ના શેરમાં થોડું થોડું આકર્ષણ વધ્યું છે નાનું રોકાણ કરી શકાય અને આ શેરમાં રૂ. ૧૭નો ભાવ આવવાની સંભાવના છે.

**મનાલી પેટ્રો**નો શેર દબાવીને લેવાનું કહ્યું હતું અને ગયા અઠવાડિયા આ કંપનીના પરિણામો પ્રોત્સાહક આવ્યા અને તે પછી અત્યારે રૂ. ૪૩.૬૦ ઉપર આવી ગયો છે. હવેના ઉછાળે આ શેરમાં નફો બુક કરવાની ઝડપ રાખવી.

**રૂપા**નો શેર અત્યારે રૂ. ૪૩૫ ઉપર છે. અન્ડરવેર અને બનિયાન બનાવતી આ કંપની ખૂબ મજબૂત બ્રાંડ એમ્બેસેડર ધરાવે છે અને તેને કારણે આગામી દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે રૂ. ૪૮૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

**વેલસ્પન એન્ટરપ્રાઈસ** અત્યારે રૂ. ૧૮૪ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૨૦૦-૨૨૦નો ભાવ આવવાની સંભાવના છે.

**ઓરિએન્ટ પ્રેસ** અત્યારે રૂ. ૩૮૦ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૪૨૨નો ભાવ જોવા મળવાની સંભાવના છે. એકદમ શોર્ટટર્મ માટે થોડાંક શેરો લઈ શકાય.

સિમેન્ટ ઉદ્યોગની કામગીરી સારી છે તે આપણે જાણીએ છીએ અને તેમાં પણ પૂર્વ ભારતમાં નવા રાજ્યોની રચના થયા પછી સિમેન્ટની માંગ વધી છે અને તેનો ખૂબ સુંદર ફાયદો **બિરલા કોર્પોરેશન**ને છે. આ ઉપરાંત આ કંપની દ્વારા અનિલ અંબાણી ગ્રૂપના સિમેન્ટ પ્લાન્ટ હસ્તગત કરી લીધા હોવાનો ફાયદો પણ શરૂ થઈ ગયો છે. રૂ. ૭૪૪ના ભાવે મળતાં બિરલા કોર્પોરેશનમાં લગભગ ૨ મહિના જાળવવાની તૈયારી સાથે થોડાંક શેર લઈને મૂકી દેવાય અને શોર્ટટર્મમાં આ શેરમાં રૂ. ૮૦૮નો ભાવ આવી જવાની સંભાવના છે.

**પ્રેસમેન લિમિટેડ**નો શેર અત્યારે રૂ. ૪૭-૪૮ ઉપર છે અને આ શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. નજીકના દિવસોમાં જ રૂ. ૫૫નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં.

બજાજ ઓટો માટે એન્જિન બ્લોક બનાવતી **એન્ડ્યોરન્સ ટેકનોલોજી**નો શેર અત્યારે રૂ. ૧૨૬૫ ઉપર છે અને આ શેરમાં આકર્ષણ વધતું જાય છે. અત્યારે ભલે ટુ વ્હીલરની માંગ ઠંડી હોય પરંતુ ટુ વ્હીલરમાં હવે મોટો ઉછાળો ડ્યુ છે અને તે પાછળ ખેલાડીઓ એન્ડ્યોરન્સ ટેકનોલોજીના શેરમાં જોરદાર ઉછાળા માટે સક્રિય થઈ ગયા છે.

**કાયન્ટ**નો શેર કવર કરવાનું છેલ્લાં થોડાં દિવસોથી લખીએ છીએ. અત્યારે રૂ. ૭૯૪ ઉપર મળી રહેલા આ શેરમાં રોકાણ જાળવી શકાય.

રૂ. ૧૪૦ના ભાવે **હિંદુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન**નો શેર પણ ઝડપથી વધવાની ગણતરી છે. માર્ચ ક્વાર્ટરનો નફો વધ્યો છે અને તે રીતે આ શેરમાં રોકાણ જાળવી શકાય.

સરકારી બેન્કો પછી પ્રાઈવેટ બેન્કોમાં પણ ગુરૂવાર અને શુક્રવારે વેચવાલી નીકળી હતી તેમ છતાં અત્યારના ભાવે **સીટી યૂનિયન** બેન્કનો રૂ. ૧૮૯વાળો શેર આકર્ષક છે અને તે શેરમાં ઝડપી ઉછાળાની ગણતરી છે.

**બર્જર પેઈન્ટ** અત્યારે રૂ. ૨૮૦ ઉપર ચાલે છે અને નિફ્ટીમાં **એશિયન પેઈન્ટ** અને મિડકેપમાં બર્જર પેઈન્ટના શેરમાં જોરદાર ઉછાળાની જગ્યા. આ ઉપરાંત રૂ. ૮૦૫ના ભાવના **કન્સાઈન નેરોલેક**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે અને આ શેર ઝડપથી વધી જવાની જગ્યા છે.

રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ કરતી અને બજાજ ગ્રૂપ હસ્તકની **મુકુંદ લિમિટેડ**નો શેર અત્યારે રૂ. ૬૯-૭૦ ઉપર છે અને આ શેરમાં આગામી દિવસોમાં મોટા ઉછાળાની જગ્યા દેખાય છે.

**જીએચસીએલ** એટલે કે ગુજરાત હેવી કેમિકલ્સના શેરમાં આકર્ષણ વધતું જાય છે. છેલ્લાં ઘણાં અઠવાડિયાથી સંજય દાલમિયા ગ્રૂપની આ કંપનીનો શેર લેવડાવીએ છીએ. અત્યારે રૂ. ૨૯૩ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ખૂબ ઝડપી ઉછાળાની જગ્યા છે. આ શેર માટે રૂ. ૩૪૦-૩૫૦ના ભાવની સંભાવના મજબૂત.

**જ્યુબિલન્ટ લાઈફ સાયન્સ**નો રૂ. ૮૨૦વાળો શેર પણ ધ્યાનમાં રખાય અને આ શેરમાં પણ આકર્ષણ વધવાની ગણતરી.

**એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ**માં છેલ્લી થોડી સેશનોમાં પ્રોફીટ બુકીંગ આવ્યા પછી ભાવ ઘટ્યા પછી રૂ. ૨૫૪ થયો છે. એક્સાઈડના શેરમાં રોકાણ જાળવી રખાય અને આ શેર ઝડપથી વધવાની જગ્યા છે.

**એયુ સ્મોલ ફિનાન્સ બેન્ક** અત્યારે રૂ. ૬૯૧ ઉપર મળે છે અને તેમાં ૧-૨ સેશન નબળાઈ જોવાયા પછી ફરી એક વખત મોટો ઉછાળો આવી જવાની ગણતરી છે. થોડાંક શેર લઈને મૂકી દેજો.

**મધરસનસુમી**ના શેરમાં પ્રોફીટ બુકીંગની વાત કરેલી. અત્યારે ઘટીને રૂ. ૩૨૫ ઉપર આવ્યો છે અને એક વખત રૂ. ૩૦૦ સુધી નીચે ઉતરી જવાની સંભાવના મજબૂત છે. જ્યારે સુભાષ ઘાઈની **મુક્તા આર્ટસ** અત્યારે રૂ. ૬૧ ઉપર છે અને આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૫૫ સુધી ભાવ ઘટી જવાની શક્યતા છે.

રૂ. ૨૬૧વાળી **યુનિકેમ લેબોરેટરી**ના શેરમાં પણ મોટા પાયે વેચવાલી છે અને આ શેરમાં ભાવ વધારે ઝડપથી તૂટવાનો ભય.

શોર્ટટર્મ એંગલથી **ઓમેક્સ ઓટો**ના શેરમાં પણ નબળાઈ દેખાય છે. ઓમેક્સ અત્યારે રૂ. ૧૬૯ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૬૨ સુધી ભાવ જવાની ગણતરી.

**મુંજાલ શોવા**માં રૂ. ૨૧૦ના ભાવમાં કોઈ કસ નથી અને તે શેરમાં ભાવ રૂ. ૧૯૫ સુધી ઉતરી જવાની સંભાવના મજબૂત.

અમદાવાદની **સિન્ટેક્ષ**નો શેર અત્યારે રૂ. ૧૬.૮૦ ઉપર છે અને આગામી દિવસોમાં રૂ. ૧૬નું લેવલ તૂટવાની સંભાવના છે. તેવી જ રીતે રૂ. ૨૧.૫૦ના ભાવનો **એલેમ્બિક**નો શેર પણ આગામી દિવસોમાં રૂ. ૫૦ સુધી ઉતરી જવાની ગણતરી છે.

**કેઈસી ઈન્ટરનેશનલ** અત્યારે રૂ. ૩૮૧ ઉપર છે અને તેમાં પણ શોર્ટટર્મ વેચવાલીનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત **અદાણી એન્ટરપ્રાઈસ** સારો નફો આવ્યો હોવા છતાં અત્યારે રૂ. ૧૧૮ના ભાવ ઉપર આવી ગયો છે અને હજી આ શેરમાં નાના ઘટાડા સાથે રૂ. ૧૧૪-૧૧૫નો ભાવ આવવાની ગણતરી છે.

**ઈન્ડિયા સિમેન્ટ**ના શેરમાં પણ અત્યારે વેચવાલી ચાલી રહી છે. લાંબાગાળાનું ભાવિ ભલે સુંદર હોય. પણ અત્યારે રૂ. ૧૩૦વાળા આ શેરમાં આગામી થોડાં દિવસોમાં રૂ. ૧૨૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. જ્યારે **કેસોરામ ઈન્ડસ્ટ્રીઝ** એકદમ ઘટીને રૂ. ૧૦૧ ઉપર આવી ગયો છે. બીકે બિરલા ગ્રૂપની આ કંપનીમાં હવે ઘટાડાની જગ્યા નથી દેખાતી અને તેથી રૂ. ૯૯-૧૦૧ વચ્ચેના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

**વોલ્ટાસ**ના શેરમાં પણ છેલ્લાં થોડાં દિવસોથી મોટા પાયે વેચવાલી જોવાઈ છે. વોલ્ટાસ એરકંડીશનરના જોરદાર વેચાણો હોવા છતાં ફક્ત રૂ. ૫૫૧ ઉપર આવી ગયો છે અને રૂ. ૫૪૦થી રૂ. ૫૫૫ વચ્ચેના ભાવે થોડાં થોડાં વોલ્ટાસ કવર કરી શકાય.

રૂ. ૩૧૮ના ભાવના **દિપક ફર્ટિલાઈઝર**ના શેરમાં શોર્ટટર્મ નબળાઈનો ટ્રેન્ડ છે અને એક વખત રૂ. ૩૦૦ની અંદર આવી જવાની ગણતરી.**તામિલનાડુ પેટ્રોપ્રોડક્ટ** ખૂબ ઘટીને રૂ. ૪૫ ઉપર આવી ગયો છે અને આ શેરમાં પણ જે પ્રકારે મનાલી પેટ્રોમાં બાઉન્સ બેક જોવાયું તેવી જ રીતે મજબૂત બાઉન્સ બેક અને ભાવ રૂ. ૪૫થી વધીને રૂ. ૫૦-૫૨ થઈ જાય તેવી ગણતરી છે.

**ફેડરલ બેન્ક**નો શેર પણ સારા પરિણામ આવવા છતાં છેલ્લાં થોડાં દિવસોથી ઘટ્યો છે અને આ રીતે મોટી વેચવાલી પછી રૂ. ૮૨માં મળી રહેલા ફેડરલ બેન્કમાં રૂ. ૨-૩નું જોખમ સમજીને થોડાં શેર લઈને મૂકી શકાય

ટેરી ટોવેલ બનાવતી **ટ્રાઈડેન્ટ**નો શેર ફક્ત રૂ. ૫૮ ઉપર




શાંસ ચિટં મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં,
અકળંમણ, ગુસ્ટેં તૂર કરે સે મંટે વૈઙંનિક ઢબે સૈયંર
થંસુ ક્રેંદવર્ડ મેગેઝીન
મગજમારી ભેજામારી
નિવૃતં લેંકેં, ગૃહિણીઍં, બંળકેં,
ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંઍં મંટે
બેસ્ટ
તર બુધવંરે, કેંપી બુક કરવેં

**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસકલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૩૦મી મે,૨૦૧૮,બુધવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી માર્ચ,૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/ વાર્ષિક સમયગાળાના ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો અને સયુન્કત નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
ગણેશ ટેમકર
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ:૨૨મે,૨૦૧૮

**MAXIMAA SYSTEMS LIMITED**
CIN: L27100GJ1990PLC014129
Regd. Off.: B-1, Yash Kamal, Tithal Road, Valsad-396001, Gujarat, India.
Tel: 02632 - 222402 / 403, Email: cs@maximaasystems.com
Website: www.maximaasystems.com

**NOTICE**

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Wednesday, 30th May, 2018, inter-alia, to consider and approve the Standalone and Consolidated Audited Financial Results of the Company for the Quarter and Year ended 31st March, 2018,subject to Audit Report by the Statutory Auditor of the Company.

For further details please visit the Company's website (www.maximaagroup.com) or that of BSE Limited, Stock Exchange (www.bseindia.com).

For Maximaa Systems Limited
Sd/-
Nagraj Mogaveera
(Company Secretary)

Place : Valsad
Date : 22.05.2018







- **ઈન્દ્રપ્રસ્થ ગેસ**, રૂ. ૨૭૩ના ભાવે શેર ખૂબજ આકર્ષક અને આગામી દિવસોમાં આ શેરમાં જોરદાર વૃદ્ધિની જગ્યા. નવી દિલ્હીમાં પોલ્યુશન અંકુશ મુક્ત બનતું જાય છે. ગેસની માંગ ઝડપથી વધારવા સરકાર તત્પર. ઈન્દ્રપ્રસ્થ ગેસને મોટો ફાયદો મળશે. થોડાં શેરો લઈને મૂકી દેજો.
- **ટાટા ગ્લોબલ**, રૂ. ૨૪૭ ઉપર આવી ગયો છે. નફાશક્તિમાં સુંદર વૃદ્ધિ. અત્યારના ભાવે નાનું રોકાણ કરી શકાય અને ધીરે ધીરે રૂ. ૨૭૦ ટચ થવાની મુંબઈના ખેલાડીઓની ગણતરી.
- **ગ્રેફાઈટ ઈન્ડિયા**, થોડો સમય ટૂંકી વધઘટમાં રહ્યા પછી ફરી વખત ગ્રેફાઈટ ઈન્ડિયાના શેરમાં જોરદાર ઉછાળો શરૂ. રૂ. ૮૨૩ના ભાવે નાનું રોકાણ કરી શકાય. વધારે નહીં તો ૧૦ કે ૨૦ શેર લઈને મૂકી દો. ઝડપી ફરનારને રૂ. ૯૨૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ટાટા એલેક્સી**, રૂ. ૧૧૮૫ના ભાવે શેર ખૂબજ આકર્ષક. ગયા વર્ષે પણ આ શેરે તોતિંગ ઉછાળા સાથે રૂ. ૧૨૬૦નો ભાવ બતાવેલો. ૫ શેર લઈને મૂકી દેવાય. રૂ. ૧૦૦ના ઝડપી ઉછાળાની જગ્યા.
- **અદાણી ટ્રાન્સમિશન**, કમાણીની સરખામણીમાં વેલ્યુએશન ખૂબ મોટું. તેમ છતાં સાતત્યપૂર્ણ આવકો. દેવાનો બોજો ખૂબ ઓછો. શોર્ટટર્મમાં ભલે મોટો ઉછાળો ના આપે. રૂ. ૧૬૭ના ભાવે રોકાણ જાળવી શકાય.
- **ટીસીએસ**, રૂ. ૩૪૯૧-૩૫૦૦ ઉપર મળી રહ્યો છે અને એકંદરે આઈટી સેક્ટર તરફનું સેન્ટીમેન્ટ મજબૂત. અમેરિકામાં સેન્ટરો શરૂ કરી દીધાં હોવાથી માંગ ઝડપથી વધે. આગામી દિવસોમાં રૂ. ૩૬૫૦નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **કોટક બેન્ક**, રૂ. ૧૨૭૦ આસપાસના ભાવે શેર ખૂબજ આકર્ષક અને નવી ડિપોઝીટોનો પ્રવાહ ઝડપથી વધ્યો છે. વ્યાજ માર્જીન પણ ઉંચકાય. આ ભાવે શેર આકર્ષક. ધીમા સુધારા સાથે રૂ. ૧૦૦નું રિટર્ન છૂટી જવાની ગણતરી.
- **બજાજ ફિનાન્સ**, ખૂબજ સુંદર ધિરાણ વૃદ્ધિ અને અત્યારના માહોલમાં ધિરાણ લેનારાની કોઈ જ કમી નથી દેખાતી. રૂ. ૨૦૬૬ના ભાવે શેર ખૂબજ આકર્ષક. શોર્ટટર્મમાં જ રૂ. ૧૦૦ની નોટ આપી જાય.
- **એચડીએફસી બેન્ક**, રૂ. ૨૦૦૦ ઉપર આવી ગયો છે. રૂ. ૨૦૨૦ના ભાવે શેર ધ્યાનમાં રાખવો. આંકડાની અદલાબદલી થવાની અને આવતાં થોડાં અઠવાડિયામાં રૂ. ૨૨૦૦નો ભાવ જોતાં એનએસ.
- **ઈન્ડસઈન્ડ બેન્ક**, રૂ. ૧૯૧૪ ઉપર આવી ગયો છે અને ટ્રક ફિનાન્સમાં તોતિંગ ઉછાળો. આગામી દિવસોમાં શેર ઝડપથી વધીને રૂ. ૨૨૦૦નો ભાવ જોવા મળે.
- **ટેક મહિન્દ્રા**, રૂ. ૬૭૫ ઉપર આવીને થોડાં દિવસથી ટૂંકી વધઘટના તબક્કામાં ફસાયો. પરંતુ લાંબાગાળાનું ભાવિ અતિશય જોરદાર અને કોન્સોલિડેશનનો આ તબક્કો પૂરો કરીને ઝડપથી રૂ. ૭૨૦નો ભાવ જોવા મળવાની કેએસની ગણતરી.
- **સન ટીવી**, દક્ષિણ ભારતના માર્કેટમાં રાજકીય માહોલ એકદમ ગરમાયો. સન ટીવીવાળાને ફાયદો. રૂ. ૯૭૫ના ભાવે શેર ખૂબજ આકર્ષક અને આગામી દિવસોમાં રૂ. ૧૦૫૦ના ભાવની સંભાવના ખૂબજ મજબૂત.
- **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ**, રૂ. ૧૭૮માં આવી ગયો છે. નફાશક્તિ જોરદાર. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૨૨૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત.
- **દિવાન હાઉસિંગ ફિનાન્સ**, રૂ. ૬૧૭ના ભાવે ભેગા કરાય અને ચાલુ વર્ષે રૂ. ૫૦૦૦૦ કરોડનું ભંડોળ એનસીડી દ્વારા ઊભું કરવાના છે. રૂ. ૬૧૭વાળા આ શેરમાં થોડું થોડું રોકાણ વધારતા જવાય. ધીમા સુધારા સાથે રૂ. ૭૦૦-૭૩૦ ટચ થવાની ગણતરી.
- **એચડીએફસી,** હાઉસિંગ ફિનાન્સ સેક્ટરમાં જોરદાર માંગ અને ખાસ કરીને કિફાયતી હાઉસિંગમાં જોરદાર ધિરાણ વૃદ્ધિના સંકેત. વેલ્યુ અનલોકિંગ પણ માથા ઉપર. રૂ. ૧૯૨૨માં શેર જાળવી રાખજો. રૂ. ૨૦૦૦-૨૧૦૦ ક્યાં થઈ જશે તે ખબર પણ નહીં પડે.
- **બાયોકોન**, રૂ. ૬૪૧ ઉપર આવીને ટૂંકી વધઘટના તબક્કામાં ફસાયો છે. પરિણામો ખૂબજ જોરદાર આવવાની ગણતરી. વધારે નહીં તો ૧૦ શેર લઈને મૂકી શકાય અને આગામી દિવસોમાં આ શેરમાં ઝડપી વૃદ્ધિની જગ્યા.
- **જિંદાલ સ્ટીલ એન્ડ પાવર**, રૂ. ૨૫૬વાળા આ શેરમાં નફાશક્તિનો સુંદર સપોર્ટ દેખાય. શેર ખૂબજ આકર્ષક. ધીમા સુધારા સાથે રૂ. ૨૮૦-૨૯૦નો ભાવ ટૂંકા ગાળામાં જ મળવાની સંભાવના.
- **કર્ણાટક બેન્ક**, એનપીએને કારણે નફો થોડોક ઘટ્યો. તેમ છતાં અત્યારનો રૂ. ૧૧૮નો ભાવ એકદમ મફત છે અને આ ભાવે વધારે નહીં તો ૫૦ શેર લઈને મૂકી દેવાય. સુંદર વૃદ્ધિ સાથે રૂ. ૧૮૧ ટચ થવાની ગણતરી.
- **ઉજ્જિવાન ફિનાન્સિયલ સર્વિસ**, રૂ. ૧૨૧ આસપાસ મળી રહ્યો છે. માર્ચ ક્વાર્ટરના સુંદર પરિણામોની તૈયારી અને નવા વર્ષમાં પણ ટોપલાઈન અને બોટમલાઈનમાં મોટા ઉછાળાની જગ્યા. થોડાંક શેર લઈને મૂકી શકાય.
- **જિંદાલ સ્ટીલ,** રૂ. ૨૪૦વાળા આ શેરમાં નફાનો મજબૂત સપોર્ટ મળવાની જગ્યા. કમાણીની સરખામણીમાં વેલ્યુએશન હજી નીચું. થોડાંક શેર લઈ શકાય.